# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/081 Dt. 02/08/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## નવી દિલ્હી સ્થિત ઇન્ડોનેશિયન દુતાવાસના મિનિસ્ટર કાઉન્સીલર (ઇકોનોમિક) સહિતના ડેલીગેશને ચેમ્બર ખાતે સુરતના ઉદ્યોગ સાહસિકો સાથે મિટીંગ કરી

### ઇન્ડોનેશિયા ખાતે ઓકટોબર ૨૦૨૫ દરમ્યાન આયોજિત ૪૦મા ટ્રેડ એક્ષ્પોમાં ફૂડ એન્ડ બેવરેજીસ, એગ્રીકલ્ચર અને લાઇફ સ્ટાઇલ પ્રોડકટ્સના મેન્યુફેકચરીંગ ક્ષેત્રે સંકળાયેલા સુરતના ઉદ્યોગ સાહસિકોને ચેમ્બરના નેજા હેઠળ ભાગ લેવા અનુરોધ કરાયો

**સુરત:** ભારતમાં નવી દિલ્હી સ્થિત ઇન્ડોનેશિયન દુતાવાસના મિનિસ્ટર કાઉન્સીલર (ઇકોનોમિક) ઇરેન મુહમ્મદ અકબર (Erain Muhammed Akbar), નવી દિલ્હી સ્થિત રિપબ્લીક ઓફ ઇન્ડોનેશિયન એમ્બેસીના મિનિસ્ટર કાઉન્સીલર મૌલાના સ્યાહિદ (Maulana Syahid) અને ચેન્નાઇ સ્થિત ઇન્ડોનેશિયા ટ્રેડ પ્રમોશન સેન્ટરના ડેપ્યુટી ડિરેકટર મોહમદ હાયકલ (Mohamad Haykal) સહિતના ઇન્ડોનેશિયન ડેલીગેશને તા. ૨૯ જુલાઇ ૨૦૨૫ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લઇ સુરતના ઉદ્યોગ સાહસિકો સાથે મિટીંગ કરી ચર્ચા વિચારણા કરી હતી.

નવી દિલ્હી સ્થિત ઇન્ડોનેશિયન દુતાવાસના મિનિસ્ટર કાઉન્સીલર (ઇકોનોમિક) ઇરેન મુહમ્મદ અકબરે જણાવ્યું હતું કે, આગામી તા. ૧૫થી ૧૯ ઓકટોબર ૨૦૨૫ દરમ્યાન ઇન્ડોનેશિયા ખાતે ૪૦મો ટ્રેડ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના આ એક્ષ્પોમાં ફૂડ એન્ડ બેવરેજીસ, એગ્રીકલ્ચર, મેન્યુફેકચરીંગ પ્રોડકટ્સ અને લાઇફ સ્ટાઇલ પ્રોડકટ્સનું પ્રદર્શન કરવામાં આવશે, આથી તેમણે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સહિતના હોદ્દેદારોને આ એક્ષ્પોમાં સુરતના ઉદ્યોગ સાહસિકો ભાગ લઇ શકે તે માટે અનુરોધ કર્યો હતો.

આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ફૂડ એન્ડ બેવરેજીસ, એગ્રીકલ્ચર, મેન્યુફેકચરીંગ પ્રોડકટ્સ અને લાઇફ સ્ટાઇલ પ્રોડકટ્સ સાથે સંકળાયેલા સુરતના ઉદ્યોગ સાહસિકોનું એક ડેલીગેશન ચેમ્બરના નેજા હેઠળ ઇન્ડોનેશિયા ખાતે આયોજિત ૪૦મા ટ્રેડ એક્ષ્પોની મુલાકાત માટે મોકલીશું તેમ જણાવ્યું હતું.

ઉપરોકત મિટીંગમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબી, SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટ તથા ફૂડ એન્ડ બેવરેજીસ અને એગ્રીકલ્ચર ક્ષેત્રના સુરતના ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહયા હતા.